# પ્રશ્નબેંક

# વિષય – ગણિત

## પ્રથમ સત્ર

## પ્રકરણ : 1 થી 3

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર


ધોરણ : 3

# અધ્યયન નિષ્પત્તિ યાદી


| Sr. No. | Learning Outcomes | વિધાન | Page No. |
|---|---|---|---|
| 1 | M304.1 | સીધી રેખાનો ઉપયોગ કરીને, તૂટક રેખા પરથી કાગળને કાપીને, કાગળને ગડી પાડીને વગેરે દ્વારા દ્વિ-પરિમાણીય(2-D) આકારો બનાવે છે અને ઓળખે છે.પાડીને વગેરે દ્વારા દ્વિ-પરિમાણીય(2-D) આકારો બનાવે છે અને ઓળખે છે. | 2 |
| 2 | M304.2 | બાજુઓની, ખૂણાઓની અને વિકર્ણની સંખ્યાને આધારે દ્વિ-પરિમાણીય (2-D) આકારોને વર્ણવે છે. | 6 |
| 3 | M304.3 | આપેલ આકારની લાદીનો ઉપયોગ કરીને જગ્યા છોડયા વિના આપેલ વિસ્તારને ભરે છે. | 7 |
| 4 | M304.4 | ત્રિકોણ, ચોરસ, લબચોરસ અને વર્તુળ આકારોની ઓળખ અને સમજ ધરાવે છે. | 8 |
| 5 | M304.5 | આપેલ આકૃતિમાં કેટલા આકાર છે. તેની ગણતરી કરે છે. | 12 |
| 6 | M304.6 | આપેલ આકૃતિમાં સૌથી મોટા આકાર ( ત્રિકોણ, ચોરસ, લંબચોરસ ) ની ગોઠવણી કરે છે. | 14 |
| 7 | M304.7 | વિવિધ વસ્તુઓમાં ધાર અને ખૂણાઓની ઓળખ કરે છે અને સમજ ધરાવે છે. | 16 |
| 8 | M304.8 | ટેનગ્રામની મદદથી વિવિધ ચિત્રો બનાવે છે. | 18 |
| 9 | M304.9 | પેટર્ન (વણાટની, ભોંયતળિયાની...) ઓળખે છે. અને આગળ વધારે છે. | 20 |
| 10 | M301.1 | સ્થાનકિંમતનો ઉપયોગ કરીને ૯૯૯ સુધીની સંખ્યાઓ વાંચે છે અને લખે છે. | 22 |
| 11 | M301.2 | ૯૯૯ સુધીની સંખ્યાઓની સ્થાનકિંમતના આધારે સરખામણી કરે છે. | 26 |
| 12 | M301.3 | આપેલ પરિસ્થિતિ/પરિપ્રેક્ષ્યમાં યોગ્ય અંક ક્રિયા દર્શાવે છે અને ઉપયોગ કરે છે. | 28 |
| 13 | M301.4 | ૯૯૯ સુધીની તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા ઓળખે છે તથા બે સંખ્યાઓની વચ્ચેની સંખ્યા કહે છે. | 31 |
| 14 | M301.5 | ૯૯૯ સુધીની સંખ્યાઓને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવે છે. | 33 |
| 15 | M301.6 | ૯૯૯ સુધીની સંખ્યાઓને વિસ્તૃત સ્વરૂપે લખે છે તથા વિસ્તૃત સ્વરૂપથી સંખ્યા બનાવે છે. | 36 |
| 16 | M301.7 | ૯૯૯ થી વધે નહીં તેવા વદ્દી વગરના તથા વદ્દીવાળા સરવાળા કરે છે. | 38 |
| 17 | M301.8 | દશકા વગરની તથા દશકાવાળી બાદબાકી કરે છે. | 42 |
| 18 | M301.9 | જવાબ ૯૯૯થી વધતો ન હોત તેવી ત્રણ અંકની સંખ્યાઓના રોજિંદા જીવનને સ્પર્શતા સરવાળા બાદબાકીના કોયડા ઉકેલે છે. | 45 |



| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક<br>C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન<br>નિષ્પત્તિ ક્રમાંક<br>M 304.1 | સીધી રેખાનો ઉપયોગ કરીને, તૂટક રેખા પરથી કાગળને કાપીને, કાગળને ગડી પાડીને વગેરે દ્વારા દ્વિ-પરિમાણીય(2-D) આકારો બનાવે છે અને ઓળખે છે. |

## વિભાગ : A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )





(૧)  આ કબાટને ક્યાંથી જોવાથી ચિત્ર મુજબ દેખાશે ?

(A) ઉપરથી (B) સામેથી (C) બાજુથી (D) નીચેથી


(૨) નીચેનામાંથી કઈ આકૃતિ સીધી લીટીઓથી બને છે ?





(A)  (B)  (C)  (D) 

(3) કઈ આકૃતિમાં તૂટક રેખા આગળ દર્પણ મૂકતાં પ્રતિબિંબ સાથે મળતી આકૃતિ મૂળ આકૃતિ જેવી દેખાશે નહિ ?

(A)  (B)  (C)  (D) 

૪) આપેલ આકૃતિમાં તૂટક રેખાની જગ્યાએ દર્પણ મૂકવાથી દર્પણમાં કેવી દેખાશે ?



(A)  (B)  (C)  (D) 

(૫) નીચેની બે આકૃતિઓને તૂટક રેખા તરફથી જોડતાં  કયો અંગ્રેજી મૂળાક્ષર મળે ?






(A) T　　(B) H　　(C) L　　(D) E

(૬) નીચેની આકૃતિમાં તૂટક રેખા પર દર્પણ મૂકતાં ક્યો શબ્દ બનશે ?



(A) TOT　　(B) HTO　　(C) HOT　　(D) HOH

(૭)  નીચેનામાંથી કઈ આકૃતિ દ્વિ-પરિમાણીય (2D) છે ?

(A) 　　(B) 　　(C) 　　(D) 


(૮)  નીચેના મૂળાક્ષરોની બાજુમાં દર્પણ મૂકતાં કયો મૂળાક્ષર જુદો દેખાશે ? (HOT)

(A)  M　　(B)  F　　(C)  A　　(D)  W

(૯) મૂળાક્ષર P ની બાજુમાં દર્પણ મૂકતાં દર્પણમાં કેવો દેખાશે ?


(A) 　　(B) 　　(C) 　　(D) 

(૧૦) નીચેના ચિત્રમાં તૂટક રેખા પર દર્પણ મૂકતાં કયો મૂળાક્ષર દેખાશે ? (HOT)



(A) N (B) W (C) K (D) M

(૧૧) નીચેનામાંથી કઈ વસ્તુનો આકાર ઉપરથી, બાજુથી અને સામેથી જોતાં સરખો દેખાશે નહિ ?



વોલીબોલ બાસ્કેટબોલ રગબીબોલ ફૂટબોલ



(A) ફૂટબોલ (B) રગબીબોલ (C) વોલીબોલ (D) બાસ્કેટબોલ

(૧૨) બે સરખા ત્રિકોણને સરખી બાજુથી જોડતાં કયો 2D આકાર મળે ? (HOT)


(A) વર્તુળ (B) ત્રણ બાજુ ધરાવતો આકાર

(C) ચાર બાજુ ધરાવતો આકાર (D) પંચકોણ

(૧૩) નીચે આપેલ આકારોમાંથી કયો આકાર ચંદ્રમાં જોવા મળતો નથી ? (HOT)

(A)  (B)  (C)  (D) 

(૧૪) આપેલ આકૃતિ બનાવવા કેટલા ત્રિકોણ ચોંટાડવા પડે ? (HOT)







(A) ૪ (B) ૫

(C) ૬ (D) ૭




(૧૫) **નીચે આપેલ વસ્તુઓને ઉપરથી જોતાં કઈ વસ્તુના આકારમાં વર્તુળ આકાર બને છે ?** (HOT)

(A) પંખો (B) ટેબલ (C) ખુરશી (D) બલ્બ

(૧૬) **રિતિકા એક કાર્ડ પર અક્ષર 'B' લખે છે અને અરીસા સામે ઊભી રહે છે. અરીસામાં કાર્ડ પર લખેલ અક્ષર કેવો જોવા મળશે ?** (HOT)

(A)  (B)  (C)  (D) 

(૧૭) **કયા ચિત્રમાં તૂટક રેખા વડે ચિત્રના બરાબર સરખા ભાગ થયા છે ?** (HOT)

(A)  (B)  (C)  (D) 



## વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )


(૧) અંગ્રેજીના કયા મૂળાક્ષરને દર્પણમાં જોતાં બધી જ બાજુથી સરખો દેખાય છે ?

(૨) 1 થી 9 સુધીમાં કયા અંકની બાજુમાં કે ઉપર દર્પણ મૂકતાં સરખો દેખાય છે ? (HOT)

(૩) ચોકને ઊભો મૂકી કઈ બાજુથી જોવાથી તે લંબચોરસ આકૃતિ દેખાશે ? (HOT)

(૪) ટેબલને ઉપરથી જોતાં તેના ચાર પાયા દેખાય છે. સાચું કે ખોટું ?





(૫)  આપેલ સીડીને કઈ બાજુથી જોતાં તે  દેખાય નહિ ?

(૬)  તૂટક રેખા પર દર્પણ મૂકતાં દર્પણમાં દેખાતી આકૃતિ મૂળ આકૃતિ જેવી જ દેખાય છે ? સાચું કે ખોટું ?

| ક્ષમતા ક્રમાંક<br>C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
|---|---|
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક<br>M 304.2 | બાજુઓની, ખૂણાઓની અને વિકર્ણની સંખ્યાને આધારે દ્વિ-પરિમાણીય (2-D) આકારોને વર્ણવે છે. |

## વિભાગ : A :- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) નીચેનામાંથી કઈ આકૃતિમાં સૌથી ઓછા ખૂણા છે ?

(A)  (B)  (C)  (D) 

(૨) સૌથી વધુ બાજુઓ ધરાવતો દ્વિ-પરિમાણીય આકાર કયો છે ? (HOT)

(A)પંચકોણ (B) લંબચોરસ (C) ત્રિકોણ (D) ચોરસ

(3) કયા આકારમાં એકપણ બાજુ ન હોય ? (HOT)

(A) ત્રિકોણ (B) વર્તુળ (C) ચોરસ (D) લંબચોરસ

(૪) ક્યા બે આકારમાં બાજુઓની સંખ્યા સરખી હોય ? (HOT)

(A) ત્રિકોણ, ચોરસ (B) ચોરસ, પંચકોણ

(C) ચોરસ, લંબચોરસ (D) લંબચોરસ, પંચકોણ

(૫) કયો આકાર ચાર બાજુઓ ધરાવે છે ?

(A) લંબચોરસ (B) ચોરસ (C) પંચકોણ (D) A અને B બંને

(૬) કયા આકારમાં સામસામેના ખૂણા હોય છે ? (HOT)

(A) ત્રિકોણ (B) વર્તુળ (C) ચોરસ (D) પંચકોણ

## વિભાગ : B:- અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) કયો આકાર ત્રણ ખૂણાઓ ધરાવે છે ?


(૨) લંબચોરસની ચાર બાજુઓ સરખી હોતી નથી. સાચું કે ખોટું ?

(3) કયા આકારની ચાર બાજુઓ સરખી હોય છે ?

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M 304.3 | આપેલ આકારની લાદીનો ઉપયોગ કરીને જગ્યા છોડયા વિના આપેલ વિસ્તારને ભરે છે. |


વિભાગ : A :- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )



(૧) આપેલ ભાતચિત્રને પૂર્ણ કરો.



(A)  (B)  (C)  (D) 

(૨) નીચેની ભાતમાં ખાલી ખાનામાં ક્રમશઃ કઈ ડિઝાઈન આવશે ? (HOT)








(A)  (B)  (C)  (D) 

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક<br>C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક<br>M 304.4 | ત્રિકોણ, ચોરસ, લબચોરસ અને વર્તુળ આકારોની ઓળખ અને સમજ ધરાવે છે. |


## વિભાગ : A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) ચોરસ બનાવવા કયો આકાર જોડવો પડશે ?




(A)  (B)  (C)  (D) 




(૨) નીચે આપેલ આકૃતિમાં કેટલા વર્તુળ છે ?



(A) 3 (B) ૫ (C) ૬ (D) ૪

(૩) નીચેના ઘરને ઉપરથી જોતાં કેવો આકાર જોવા મળશે ?



(A)  (B)  (C)  (D) 

(૪) દરેક જોડકું સાચું બને તે રીતે જોડતાં ક્યો વિકલ્પ સાચો બનશે?

| વિભાગ – અ | વિભાગ – બ |
| --- | --- |
| ૧. પંચકોણ | a. ત્રણબાજુ |
| ૨. ત્રિકોણ | b. ચારબાજુ |
| ૩. ચોરસ | c. પાંચબાજુ |



(A) (૧ - a) (૨ - b) (૩ - c)    (B) (૧ - b) (૨ - c) (૩ - a)

(C) (૧ - c) (૨ - a) (૩ - b)    (D) (૧ - a) (૨ - c) (૩ - b)

(૫) સાપસીડીની રમતમાં વપરાતા સમતોલ પાસાને સામેથી જોતાં કેવો આકાર દેખાય છે ?

(A) વર્તુળ    (B) ચોરસ    (C) લંબચોરસ    (D) ઇંડાકાર


(૬) આકાર અને ખૂણાઓની સંખ્યાને આધારે યોગ્ય જોડકાં જોડો.

| અ | | બ | |
| --- | --- | --- | --- |
| ૧ |  | a. | ૩ |
| ૨ |  | b | ૫ |
| ૩ |  | c | ૬ |
| ૪ |  | d | ૪ |

(A) (૧-d) (૨-c) (૩-b) (૪-a)    (B) (૧-a) (૨-b) (૩-c) (૪-d)

(C) (૧-d) (૨-c) (૩-a) (૪-b)    (D) (૧-d) (૨-b) (૩-c) (૪-a)

(૭) આપેલા ચિત્રમાં કયો આકાર ચારથી ઓછી બાજુઓ ધરાવે છે ? (HOT)




(A) ત્રિકોણ (B) ચોરસ (C) પંચકોણ (D) ષટકોણ

(૮) ટ્રાફિક સિગ્નલ પર લાલ, પીળો અને લીલી લાઇટો કોના જેવો આકાર ધરાવતી નથી ? (HOT)

(A) બંગડી જેવો (B) ટાયર જેવો


(C) થાળી જેવો (D) ઈંડા જેવો

(૯) આપેલી આકૃતિમાં લંબચોરસની સંખ્યા અને ચોરસની સંખ્યાની બાદબાકી કેટલી થાય ? (HOT)



(A) ૬ (B) ૪ (C) ૨ (D) ૦

(૧૦) કઈ બે માછલીના આકાર સમાન છે ? (HOT)




(A) ૧ અને ૨ (B) ૨ અને ૩ (C) ૩ અને ૪ (D) ૨ અને ૪

### વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) પાણી ભરેલો ગ્લાસ કઈ બાજુથી જોતાં વર્તુળ (ગોળ) આકાર દેખાશે ?

(૨) ટીવીને સામેથી જોતાં કયો આકાર દેખાય છે ?

(૩) ત્રણ દીવાસળીના ઉપયોગથી કયો બંધ આકાર બનશે ? (HOT)


(૪) ચાર લીટીથી બનતા કોઈપણ એક બંધ આકારનું નામ જણાવો.

(૫) ક્યા આકારમાં એકપણ સીધી લીટીનો ઉપયોગ થતો નથી ? (HOT)

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M 304.5 | આપેલ આકૃતિમાં કેટલા આકાર છે. તેની ગણતરી કરે છે. |

## વિભાગ : A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )


(૧) આપેલ આકૃતિમાં કેટલા નાના ત્રિકોણ છે ?



(A) ૪ (B) ૫

(C) ૬ (D) ૮


(૨) આપેલ આકૃતિમાં કેટલા ચોરસ અને લંબચોરસ છે ?



(A) ૧, ૫ (B) ૧, ૨

(C) ૧, ૩ (D) ૧, ૪


(3) નીચેની આકૃતિમાં કેટલા વર્તુળ (ગોળ) છે ?



(A) ૮ (B) ૧૦

(C) ૯ (D) ૧૧


(૪) નીચેના ચિત્રમાં કેટલા લંબચોરસ છે ?



(A) ૫ (B) ૬

(C) ૭ (D) ૮

(૫) આપેલ આકૃતિમાં સૌથી વધુ બાજુ ધરાવતો આકાર કયો છે ?



આકૃતિ - ૧ આકૃતિ – ૨ આકૃતિ – 3 આકૃતિ – ૪


(A) આકૃતિ – ૧ (B) આકૃતિ – ૨

(C) આકૃતિ - 3 (D) આકૃતિ – ૪

**(૬) ચોરસ, પંચકોણ, લંબચોરસ, વર્તુળ, ષટકોણમાં સૌથી વધુ બાજુ ધરાવતા આકારના ખૂણાઓને સામસામે જોડતાં કયા આકાર મળે ? (HOT)**

(A) ચોરસ (B) ત્રિકોણ (C) વર્તુળ (D) પંચકોણ

**(૭) ક્યાંથી ક્યાં જવા માટે નદી ઓળંગવી પડશે ? (HOT)**





(A) ગામથી શાળા (B) જંગલથી ટેકરીઓ


(C) મંદિરથી જંગલ (D) શાળાથી મંદિર


| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક<br>C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક<br>M 304.6 | આપેલ આકૃતિમાં સૌથી મોટા આકાર ( ત્રિકોણ, ચોરસ, લંબચોરસ ) ની ગોઠવણી કરે છે. |


વિભાગ – A :- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) નીચેની આકૃતિ બનાવવા ક્યા ચાર ભાગની ગોઠવણી કરવી પડે ?




(A) 


(B) 


(C) 

(D) 

(૨) આપેલી આકૃતિ કયા બે આકારોની ગોઠવણીથી બનેલ છે ?



(A) 

(B) 

(C) 

(D) 

(૩) નીચે આપેલ ચિત્રનો અભ્યાસ કરો.

ચિત્રમાં દરેક ખાના માટે મૂળાક્ષર અને અંક આપેલ છે. ફૂલ 'ખ૧' માં છે. બેટ 'ગ૩' માં છે. જો તમે ફૂટબોલ અને બેટ વચ્ચે સીધી લીટી દોરો છો, તો કયા ખાનામાંથી પાસ (પસાર) થવું પડશે ? (HOT)





(A) ખ ૩ (B) ક ૧ (C) ગ ૨ (D) ગ ૧

| ક્ષમતા ક્રમાંક C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
|---|---|
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M 304.7 | વિવિધ વસ્તુઓમાં ધાર અને ખૂણાઓની ઓળખ કરે છે અને સમજ ધરાવે છે. |

## વિભાગ – A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) નીચેની આકૃતિમાં કેટલી ધાર (બાજુઓ) છે ?




(A) ૧૬ (B) ૨૦ (C) ૨૪ (D) ૨૮

(૨) તમારી નોટબુકના મુખ્યપેજને કેટલી ધાર (બાજુઓ) હોય છે ?





(A) ૨ (B) 3 (C) ૪ (D) ૫

(3) આપેલી આકૃતિમાં કેટલા ખૂણાઓ છે ? ( અંદરના ખૂણા ગણવા )




(A) ૧૧ (B) ૧૨ (C) ૧૦ (D) ૯

(૪) દસ ખૂણા ધરાવતી આકૃતિ કઈ છે ? ( આકૃતિના અંદરના ખૂણા ગણવા)


(A) 
(B) 
(C) 
(D) 

(૫) આપેલી આકૃતિમાં બધા ત્રિકોણની કુલ ધાર (બાજુઓ) કેટલી છે ?



(A) ૧૨ (B) ૧૩ (C) ૧૧ (D) ૧૦

(૬) સૌથી ઓછા ખૂણા ધરાવતો આકાર કયો છે ? (HOT)



(A) ચોરસ (B) લંબચોરસ (C) ત્રિકોણ (D) વર્તુળ

(૭) બે ચોરસને એકબીજા સાથે અડીને ગોઠવતાં કેટલી ધાર (બાજુ) મળે ? (HOT)

(A) ૫ (B) ૬ (C) ૪ (D) ૮

(૮) તમારા એક હાથના પંજાની ચાર આંગળી વચ્ચે કેટલા ખૂણાઓ બને ? (HOT)

(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

(૯) કાતરને ખોલીએ ત્યારે તેમાં કેટલા ખૂણા બનશે ? (HOT)

(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

## વિભાગ – B:- અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

(૧) ટીવીને સામેથી જોતાં તેની કેટલી ધાર(બાજુઓ) દેખાય છે ?

(૨) પુસ્તકને ઉપરથી જોતાં તેના કેટલા ખૂણા દેખાશે ?


(૩) ઘરના દરવાજાને કેટલી ધાર (બાજુઓ) હોય છે ?

(૪) સાણસીના બે હાથા વચ્ચે કેટલા ખૂણા બને ? (HOT)

| ક્ષમતા ક્રમાંક<br>C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
|---|---|
| અધ્યયન<br>નિષ્પત્તિ ક્રમાંક<br>M 304.8 | ટેનગ્રામની મદદથી વિવિધ ચિત્રો બનાવે છે. |


## વિભાગ – A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )


(૧) નીચે આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ છે ?




(A) 3 (B) ૪ (C) ૫ (D) ૬

(૨) નીચેની આકૃતિઓમાં કયો આકાર કેટલી સંખ્યામાં છે, તેનું સાચું જોડકું ક્યું છે ?








(A) ચોરસ - ૨
ત્રિકોણ - ૪

(B) ચોરસ - ૧
ત્રિકોણ - ૫


(C) ચોરસ - ૧
ત્રિકોણ - ૪


(D) ચોરસ – ૨
ત્રિકોણ – ૫

(3) આપેલી કઈ ટેનગ્રામ આકૃતિ માછલીનો આકાર દર્શાવતી નથી ?


(A) 

(B) 

(C) 

(D) 

**(૪) નીચેની આકૃતિઓમાં એક સરખી સંખ્યામાં કયો આકાર આપેલો નથી ?** **(HOT)**




(A) ત્રિકોણ (B) ચોરસ (C) લંબચોરસ (D) ષટકોણ

**(૫) ટેનગ્રામ આકૃતિમાં કયા આકારનો સમાવેશ થતો નથી ?** **(HOT)**

(A) ત્રિકોણ (B) લંબચોરસ (C) ચોરસ (D) ચતુષ્કોણ


## વિભાગ – B અતિ ટૂંકજવાબી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )





(૧) ટેનગ્રામ આકૃતિમાં કેટલા ચોરસ હોય છે ?


(૨)  ટેનગ્રામથી બનેલી આકૃતિ કઈ વસ્તુ દર્શાવે છે ?


| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C 2.1 | દ્વિ અને ત્રિપરિમાણીય આકારોને ઓળખે, તુલના કરે અને તેના લક્ષણોનું વિશ્લેષણ કરે તથા લક્ષણો/ ગુણધર્મોનું વર્ણન કરવા માટેનું શબ્દભંડોળ વિકસાવે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M 304.9 | પેટર્ન (વણાટની, ભોંયતળિયાની...) ઓળખે છે. અને આગળ વધારે છે. |


## વિભાગ – A:- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )


(૧) પેટર્ન પૂર્ણ કરો. 


(A)  (B)  (C)  (D) 





(૨) પેટર્ન પૂર્ણ કરો.  ______


(A)  (B)  (C)  (D) 

(૩) પેટર્ન પૂર્ણ કરો. 

(A)  (B)  (C)  (D) 

(૪) પેટર્ન પૂર્ણ કરો.  ____________ (HOT)

(A)  (B)  (C)  (D) 



| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.1 | સ્થાનકિંમતનો ઉપયોગ કરીને ૯૯૯ સુધીની સંખ્યાઓ વાંચે છે અને લખે છે. |

### વિભાગ : A :- હેતુલક્ષી પ્રશ્નો ( દરેકનો એક ગુણ )

**(૧) ૮૦૭ ને કેવી રીતે વંચાય ?**

(A) સાતસો આઠ　　(B) આઠસો સિત્તેર

(C) આઠસો સાત　　(D) સાતસો એંશી

**(૨) ૪૫૬ માં કયા અંકની સ્થાનકિંમત સૌથી મોટી છે ?**

(A) ૪　　(B) ૫　　(C) ૬　　(D) એક પણ નહીં

**(3) હું ૪૪૦ અને ૪૫૦ ની વચ્ચેની સંખ્યા છું, મને લખવામાં અંક ૬ નો ઉપયોગ થાય છે. મને ઓળખી બતાવો.**


(A) ૪૫૬　　(B) ૪૬૪　　(C) ૪૪૬　　(D) ૪૬૨

**(૪) ૯૭૮ને ધ્યાને લઈ સાચું વિધાન પસંદ કરો.**

(A) સોના સ્થાને અંક ૮ છે.　　(B) દશકના સ્થાને અંક ૭ છે.

(C) એકમના સ્થાને અંક ૯ છે.　　(D) અંક ૭ની સ્થાનકિંમત સૌથી મોટી છે.

**(૫) નીચે આપેલ મણકાઘોડી પરથી સંખ્યાને કેવી રીતે વંચાય ?**




(A) ત્રણસો પચ્ચીસ　　(B) ત્રણસો બાવન

(C) બસો ત્રેપન　　(D) પાંચસો બત્રીસ

**(૬) છસો સત્તાવીસને અંકમાં કેવી રીતે લખાય ?**

(A) ૬૦૦૨૭　　(B) ૬૧૦૦૨૭　　(C) ૬૭૨　　(D) ૬૨૭

**(૭) △ = ૧૦૦, □ = ૧૦ અને ○ = ૧ હોય, તો △△△ □ □ ○○○○ એટલે કેટલા ?**

(A) ૪૨૩　　(B) ૪૩૨　　(C) ૩૪૨　　(D) ૩૨૪

(૮) ત્રણસો સત્તાવીસમાં દશકનો અંક ....... છે ?

(A) 3 (B) ૨ (C) ૭ (D) ૧

(૯) 300 માં ૪00 ઉમેરતાં મળતી સંખ્યાના સોના સ્થાનમાં કયો અંક આવે ?

(A) 0 (B) ૪ (C) 3 (D) ૭

(૧0) મારો એકમનો અંક ૯ છે. હું પચાસ કરતાં નાની સંખ્યા છું, મને ઓળખી બતાવો.

(A) ૫0 (B) ૫૯ (C) ૬૯ (D) 3૯

(૧૧) નીચેનામાંથી કયું 300 + ૨00 જેટલું થશે? (HOT)

(A) ૧00 + ૨00 (B) ૧00 + ૧00

(C) ૧00 + 300 (D) ૭00 – ૨00

(૧૨) મને ઓળખો : હું કઈ સંખ્યા છું? (HOT)

- હું ત્રણ અંકની સંખ્યા છું.
- સો ના સ્થાનમાં એક અંકની સૌથી મોટી સંખ્યા.
- સંખ્યામાં ૫ ની સ્થાનકિંમત ૫ છે.
- સંખ્યામાં ૪ દશક છે.

(A) ૯૫૪ (B) ૯૪૫ (C) ૪૯૫ (D) ૪૫૯

(૧3) યોગ્ય જોડકાં જોડો. (HOT)

| વિભાગ – A | વિભાગ – B |
|---|---|
| (અ) 3૯૨ | (૧) ત્રણસો નવ |
| (બ) 30૨ | (૨) ત્રણસો બાણું |
| (ક) 30૯ | (3) ત્રણસો બે |

(A) અ-૧, બ-૨, ક- 3 (B) અ-3, બ-૨, ક- ૧

(C) અ-૨, બ-૧, ક- 3 (D) અ-૨, બ-3, ક- ૧

(૧૪) આપેલ ટી-શર્ટ કોની હશે? (HOT)




(A)



(B)



(C)



(D)



## વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(૧) ૭૩૮ ને શબ્દોમાં લખો.
(૨) 'પાંચસો અડસઠ' ને અંકમાં લખો.
(3) ૯૫૩માં કયા અંકની સ્થાન કિંમત સૌથી ઓછી છે ?
(૪) ત્રણ અંકની સૌથી નાની સંખ્યા કઈ છે ?

## વિભાગ – C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

(૧) ૫૬૦ અને ૫૭૦ની વચ્ચે આવતી હોય અને એકમનો અંક ૭ હોય તેવી સંખ્યાને શબ્દોમાં લખો.
(૨) ત્રણ અંકની સૌથી મોટી સંખ્યાને અંકમાં તથા શબ્દોમાં લખો.

વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

(૧) ૫૪૦ + ૪૫૮ નો સરવાળો કરો. જવાબમાં મળતી સંખ્યાને અંકમાં તથા શબ્દોમાં લખો.

(૨) ૭૮૦ માંથી ૫૩૦ બાદ કરો. જવાબમાં મળતી સંખ્યાને અંકમાં તથા શબ્દોમાં લખો.

(3) ચોરસમાં યોગ્ય અંકો મૂકી સરવાળો પૂર્ણ કરો મળેલ જવાબને અંકમાં તથા શબ્દોમાં લખો. (HOT)


| | | | |
|---|---|---|---|
| | ૪ | ☐ | 3 |
| + | ૧ | ૨ | ☐ |
| | ☐ | 3 | ૭ |

| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
|---|---|
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.2 | ૯૯૯ સુધીની સંખ્યાઓની સ્થાનકિંમતના આધારે સરખામણી કરે છે. |


## વિભાગ – A :- હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. નીચેનામાંથી કઈ મણકાઘોડી ૬૩૫ ને સાચી રીતે દર્શાવે છે ?


(A)





(B)





(C)




(D)




૨. મણકા ઘોડી જોઈને સાચો વિકલ્પ પસંદ કરો.




(A) ૩૫૫ (B) ૫૩૫ (C) ૩૫૩ (D) ૫૫૩

3. નીચેનામાંથી કઈ સંખ્યા સૌથી મોટી છે ?

(A) ૯૦૯ (B) ૯૯૦ (C) ૯૭૯ (D) ૯૯૭

૪. નીચેનામાંથી કઈ સંખ્યા સૌથી નાની છે ?

(A) ૪૦૫ (B) ૫૦૪ (C) ૪૫૦ (D) ૫૪૦

**૫. ૭૬૫, ૫૬૭, ૬૭૫, ૬૫૭, ૭૫૬, ૫૭૬ ઉપરોક્ત સંખ્યાઓમાં સૌથી મોટી સંખ્યા કઈ છે ?**

(A) ૬૭૫ (B) ૭૫૬ (C) ૫૬૭ (D) ૭૬૫

**૬. ત્રણ અંકની સંખ્યાઓ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?** (HOT)

(A) આપેલી ત્રણ અંકની બધી જ સંખ્યાઓમાંથી જે સંખ્યાનો સોનો અંક સૌથી મોટો તે સંખ્યા મોટી.

(B) આપેલી ત્રણ અંકની બધી જ સંખ્યાઓમાંથી જે સંખ્યાનો એકમનો અંક સૌથી મોટો તે સંખ્યા મોટી.

(C) આપેલી ત્રણ અંકની બધી જ સંખ્યાઓમાંથી જે સંખ્યાનો દશકનો અંક સૌથી મોટો તે સંખ્યા મોટી.

(D) આપેલી ત્રણ અંકની બધી જ સંખ્યાઓમાંથી દશકનો અંક સૌથી નાનો તે સંખ્યા સૌથી નાની.

## વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(૧) ૮૯૫ અને ૯૮૫માં મોટી સંખ્યા કઈ છે ?

(૨) ૭૮૫ અને ૫૭૮માં નાની સંખ્યા કઈ છે ?

(3) આપેલ સંખ્યાઓમાં સૌથી નાની સંખ્યા કઈ છે ?

૫૯૨, ૯૨૫, ૨૯૫, ૨૫૯, ૯૫૨

(૪) આપેલ સંખ્યાઓમાં સૌથી મોટી સંખ્યા કઈ છે ?

૯૬, ૯૦૬, ૬૦૯, ૬૯૦, ૯૬૦

## વિભાગ – C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

(૧) ૬૫૭માં કોની સ્થાન કિંમત ૫૦ છે ?

(૨) ૭૨૮ = (૭ × ૧૦૦) + (૨ ×.....) + (૮ × ૧)માં ..........માં શું આવે?

(3) ૨૭૮ અને ૭૮૨માં અંક ૭ની સ્થાન કિંમતોનો સરવાળો શોધો. (HOT)

(૪) ૮૯૩ અને ૩૮૯માં અંક ૩ની સ્થાનકિંમતોનો તફાવત શોધો. (HOT)

## વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

(૧) ૭૯૮માં દરેક અંકની સ્થાન કિંમત શોધીને તેમનો સરવાળો કરો.

(૨) ૮૫૪માં દરેક અંકની સ્થાન કિંમત શોધીને તેમનો સરવાળો કરો.

(3) ૮૫૪, ૪૫૮, ૫૮૪, ૫૪૮, ૮૪૫ આપેલ દરેક સંખ્યાઓમાં અંક ૮ની સ્થાન કિંમત શોધો.

(૪) આપેલ સંખ્યાઓમાં સૌથી મોટી અને સૌથી નાની સંખ્યા શોધો.

૯૭૬, ૬૯૭, ૬૭૯, ૭૯૬, ૭૬૯, ૯૬૭

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.3 | આપેલ પરિસ્થિતિ/પરિપ્રેક્ષ્યમાં યોગ્ય અંક ક્રિયા દર્શાવે છે અને ઉપયોગ કરે છે. |

## વિભાગ – A :- હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

**૧. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યામાંથી ૧૦ બાદ કરતાં શું મળે ?**

(A) ૯૯૯ (B) ૯૦૦ (C) ૯૯૦ (D) ૯૮૯

**૨. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યામાંથી ત્રણ અંકની સૌથી નાની સંખ્યા બાદ કરતાં કેટલા મળે ?**

(A) ૮૯૯ (B) ૯૦૦ (C) ૯૦૧ (D) ૧૦૦

**૩. ૭૪૫માં ૧૦(દશ) ડગલાં પાછળ કૂદતાં કઈ સંખ્યા મળે ?**

(A) ૭૩૫ (B) ૭૪૦ (C) ૭૪૧ (D) ૭૫૨

**૪. ૫૦૦ માટે નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે ?**

(A) ૧૦૦+૧૦૦+૧૦૦+૧૦૦+૧૦૦ (B) ૧૦૦+૧૫૦+૧૫૦+૧૦૦

(C) ૨૦૦+૨૦૦+૧૦૦ (D) ૫૦+૫૦+૫૦+૫૦+૫૦

**૫. ૨૦૩ + ૩૨૦નું સાચુ મૂલ્ય શોધો.**

(A) ૫૦૫ (B) ૫૩૨ (C) ૫૨૩ (D) ૫૫૦

**૬. ખૂટતી સંખ્યાનો સરવાળો કેટલો થાય ?** (HOT)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૪ | ૨૪ | | ૪૪ | | ૬૪ | | ૮૪ |

(A) ૧૬૪ (B) ૩૪૨ (C) ૧૬૨ (D) ૧૬૦

**૭. ૪૦૦માંથી કેટલા બાદ કરતાં ૨૫૦ મળે ?** (HOT)

(A) ૧૫૦ (B) ૬૫૦ (C) ૨૫૦ (D) ૪૦૦

**૮. ૬૦૦, ૫૫૦, ૫૦૦, ☐ , ૪૦૦, ૩૫૦ અહીં ☐ માં આવતી સંખ્યાના અંકોનો સરવાળો કેટલો થાય ?** (HOT)

(A) ૫ (B) ૪૫૦ (C) ૯ (D) ૮

**૯. ૧૪૫+૨૫૫=૪૦૦ થાય, તો ૪૦૦-૨૫૫=...... થાય ?**

(A) ૨૫૫ (B) ૪૫૦ (C) ૪૦૦ (D) ૧૪૫

**૧૦. ત્રણ અંકની સૌથી નાની સંખ્યામાં કેટલા ઉમેરતા ૧૨૦ મળે ? (HOT)**

(A) ૧૦ (B) ૧૦૦ (C) ૨૦ (D) ૧૨૦

**૧૧. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યામાંથી કેટલા બાદ કરતાં ૮૮૮ મળે ? (HOT)**

(A) ૧૦૦ (B) ૧૧૧ (C) ૧૧૨ (D) ૧૨૨

## વિભાગ - B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. ત્રણ અંકની સૌથી નાની સંખ્યા કઈ ?

૨. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યા કઈ ?

૩. એક થી સો સુધીમાં અંક ૧ કેટલી વખત આવે ?

૪. ...... +૧૦૩ =૧૧૭

## વિભાગ - C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

૧. ૭૨૫ + ૨૪૫ બરાબર કેટલા મળે ?

૨. બાદબાકી કરો : ૮૩૫ - ૨૪૨

૩. સરવાળો કરો : ૪૩૨ + ૨૫૪

## વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

૧. સચિને ટેસ્ટ મેચમાં ૧૪૫ રન કર્યા. તેને બેવડી સદી (૨૦૦) કરવા માટે કેટલા રન ખૂટે છે ?


૨. એક શાળામાં ૧૧૦ કુમાર અને ૧૦૫ કન્યાઓ છે. જો સોમવારે ૮ કુમાર અને ૭ કન્યાઓ ગેરહાજર હોય, તો સોમવારે શાળામાં હાજર બાળકોની સંખ્યા શોધો. (HOT)

૩. ગામમાં ૨૪૫ પુરૂષો ૩૦૭ સ્ત્રીઓ તથા ૧૧૦ બાળકો છે, તો ગામની કુલ વસ્તી કેટલી થાય ?


૪. જીમીતને મેળામાં જવા માટે ૧૦૦ રૂપિયા મળ્યા. તેમાંથી તેણે ૭૪ રૂપિયા વાપરી નાખ્યા, તો તેની પાસે કેટલા રૂપિયા વધ્યા ?

૫. ૬૦૦ માંથી કેટલા બાદ કરતા ૩૩૦ બાકી રહે ?

૬. ખાલી ખાનામાં યોગ્ય સંખ્યા લખો. (HOT)




૭. ખાલી ખાનામાં યોગ્ય સંખ્યા લખો. (HOT)



| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
|---|---|
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.4 | ૯૯૯ સુધીની તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા ઓળખે છે તથા બે સંખ્યાઓની વચ્ચેની સંખ્યા કહે છે. |

## વિભાગ – A હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. ૮૭૯ની તરત પહેલાંની સંખ્યા કઈ ?

(A) ૮૯૭ (B) ૮૭૮ (C) ૮૮૦ (D) ૮૭૯

૨. ૭૯૯ અને ૮૦૧ વચ્ચે કઈ સંખ્યા મળે ?

(A) ૮૦૦ (B) ૭૯૮ (C) ૮૦૨ (D) ૭૯૯

૩. ૭૯૩ ની તરત પછીની સંખ્યા કઈ ?

(A) ૭૯૨ (B) ૭૯૪ (C) ૭૯૧ (D) ૭૯૫

૪. તરત આગળની અને તરત પછીની સંખ્યા જણાવો.

............. ૪૦૦ ...........

(A) ૪૦૦ અને ૪૦૧ (B) ૪૦૧ અને ૪૦૨

(C) ૩૯૯ અને ૪૦૨ (D) ૩૯૯ અને ૪૦૧

૫. ☐ ૫૬૮ ☐ તરત આગળની અને તરત પાછળની સંખ્યા જણાવો.

(A) ૫૬૭ અને ૫૬૮ (B) ૫૬૬ અને ૫૭૦

(C) ૫૬૭ અને ૫૬૯ (D) ૫૬૮ અને ૫૬૯

૬. ૯૯ એ કઈ સંખ્યાની તરત પહેલાં આવે ?

(A) ૮૯ (B) ૧૦૦ (C) ૧૦૧ (D) ૯૭

૭. પાંચસો બાર તથા પાંચસો ચૌદની વચ્ચે આવતી સંખ્યા કઈ ?

(A) ૫૧૨ (B) ૫૧૫ (C) ૫૧૪ (D) ૫૧૩

## વિભાગ – B અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. ૫૬૯ની તરત પહેલાંની સંખ્યા જણાવો.

૨. ૭૬૫ની તરત પછીની સંખ્યા જણાવો.

૩. ૫૬૪ માં કેટલા ઉમેરીએ તો તેના તરત પછીની સંખ્યા મળે.

૪. ૫૦૪ [ ] ૫૦૬,અહી [ ] માં કઈ સંખ્યા આવે ?

૫. ૯૯૯ ની તરત પહેલાંની સંખ્યા કઈ છે ?

૬. ૯૮ એ કઈ સંખ્યાની તરત પછી આવે ?

૭. ૫૦૦ ને તરત પહેલાંની સંખ્યા જણાવો.

## વિભાગ – C ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

૧. ૬૯૯ની તરત પહેલાંની અને તરત પછીની સંખ્યાઓનો સરવાળો કેટલો થાય?(HOT)

૨. ૪૬૭ ની તરત પહેલાંની સંખ્યા મેળવવા શું કરવું જોઈએ ?

૩. ૮૪૩ની તરત પછીની સંખ્યા મેળવવા શું કરવું જોઈએ ?

૪. ૬૪૫ થી નાની અને ૫૯૮ થી મોટી કોઈપણ બે સંખ્યાઓ લખો.

૫. ૬૦૫+૧ = .......

૬૪૫+૧ = .......

૭૫૬+૧ = ........

૬. ૭૨૪-૧ = .........

૫૬૮-૧ = .........

૬૮૬-૧ = .........

૭. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યાની તરત પહેલાં આવતી સંખ્યા શોધો. (HOT)

## વિભાગ – D નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

૧. આપેલી સંખ્યાઓની તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા લખો.

૪૨૦, ૨૪૯, ૬૫૭, ૯૭૨, ૬૬૯, ૩૦૦

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.5 | ૯૯૯ સુધીની સંખ્યાઓને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવે છે. |

## વિભાગ – A :- હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. ચડતા ક્રમમાં ગોઠવેલી સંખ્યાઓનો સાચો ક્રમ ઓળખી બતાવો.

(A) ૨૭૯, ૯૭૨, ૭૯૨, ૯૨૭ (B) ૯૭૨, ૯૨૭, ૭૯૨, ૨૭૯

(C) ૨૭૯, ૭૯૨, ૯૨૭, ૯૭૨ (D) ૨૭૯, ૭૯૨, ૯૭૨, ૯૨૭

૨. ૨૪૫, ૪૫૨, ૫૪૨ અને ૨૫૪ ને ચડતા ક્રમમાં ગોઠવતાં સૌથી પહેલી સંખ્યા કઈ આવશે ?

(A) ૨૪૫ (B) ૨૫૪ (C) ૫૪૨ (D) ૪૫૨

૩. ૬૪૫, ૫૪૬, ૪૪૫ અને ૫૬૪ ને ઉતરતા ક્રમમાં ગોઠવતા સૌથી છેલ્લે કઈ સંખ્યા આવે ?

(A) ૫૬૪ (B) ૪૪૫ (C) ૫૪૬ (D) ૬૪૫

૪. ઉતરતા ક્રમમાં ગોઠવેલી સંખ્યાઓનો સાચો ક્રમ ઓળખી બતાવો.

(A) ૫૮૭, ૫૨૮, ૫૭૮, ૫૮૨ (B) ૫૨૮, ૫૭૮, ૫૮૨, ૫૮૭

(C) ૫૮૭, ૫૮૨, ૫૭૮, ૫૨૮ (D) ૫૮૭, ૫૭૮, ૫૮૨, ૫૨૮

૫. ઉતરતા ક્રમમાં ગોઠવેલી કઈ સંખ્યાઓનો ક્રમ ખોટો છે ?

(A) ૫૬૭, ૫૪૭, ૪૭૫, ૪૫૭ (B) ૭૫૨, ૭૨૫, ૫૭૨, ૫૨૭

(C) ૬૯૨, ૬૨૯, ૨૬૯, ૨૯૬ (D) ૪૫૬, ૩૬૫, ૩૫૬, ૨૫૮

૬. જો સંખ્યાઓને ચડતા ક્રમમાં લખેલ હોય તો ☐ માં કઈ સંખ્યા આવશે ?

૫૨૪, ☐, ૫૨૬, ૫૨૭

(A) ૫૨૬ (B) ૫૨૫ (C) ૪૨૫ (D) ૬૫૨

૭. જો સંખ્યાઓને ચડતા ક્રમમા લખેલ હોય તો ☐ માં કઈ સંખ્યા આવશે ? (HOT)

૧૨૮, ☐ , ૩૨૬, ૭૨૭

(A) ૫૨૬ (B) ૯૨૫ (C) ૧૨૫ (D) ૨૫૨

૮. જો સંખ્યાઓને ઉતરતા ક્રમમા લખેલ હોય તો ☐ માં કઈ સંખ્યા આવશે ? (HOT)

૯૨૪, ☐ , ૭૨૬, ૫૨૭


(A) ૮૭૯ (B) ૯૨૯ (C) ૪૨૫ (D) ૧૫૨

૯. નીચે ચાર વિદ્યાર્થીઓ અને તેમના વજન આપેલા છે. તેમના વજનને ચડતા ક્રમમાં ગોઠવતાં કયો ક્રમ સાચો બનશે? (HOT)


દિયા – ૨૦ કિગ્રા


રિષભ – ૩૫ કિગ્રા


જીમીત – ૪૦ કિગ્રા


સાહિલ – ૫૫ કિગ્રા

(A) દિયા, જીમીત, રિષભ, સાહિલ  (B) દિયા, રિષભ, સાહિલ, જીમીત

(C) દિયા, રિષભ, જીમીત, સાહિલ  (D) જીમીત, દિયા, રિષભ, સાહિલ

## વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

૧. સંખ્યાઓ ૯૯૯, ૮૮૮, ૫૫૫ અને ૬૬૬ ને ચડતા ક્રમમાં ગોઠવતાં સૌથી પહેલા ક્રમે કઈ સંખ્યા આવે ?

૨. સંખ્યાઓ ૧૨૩, ૩૨૧, ૩૧૨, ૨૧૩ ને ઉતરતા ક્રમમાં ગોઠવતાં છેલ્લા ક્રમે કઈ સંખ્યા આવે ?

૩. જો સંખ્યાઓને ઉતરતા ક્રમમાં લખવામાં આવી હોય તો △ માં કઈ સંખ્યા લખી શકાય ?

 ૬૨૫, ૬૨૪, △ , ૬૨૨, ૬૨૧

૪. ઉતરતા ક્રમમાં ગોઠવેલ સંખ્યાઓમાં ખૂટતી સંખ્યા લખો .

 ૯૦૧ → ☐ → ૮૯૯ → ☐ → ૮૯૭

## વિભાગ – C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

૧. આપેલી સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો.


 ૭૫૬, ૫૭૬, ૫૬૭, ૭૬૫

૨. આપેલી સંખ્યાઓને **ઉતરતા ક્રમમાં** ગોઠવો .


 ૮૯૭, ૭૯૮, ૯૮૭, ૭૮૯

૩. આપેલી સંખ્યાઓને ઉતરતા ક્રમમાં ગોઠવો અને પગથિયાં પર દર્શાવો .


પ૨૪, ૪૨પ, ૪પ૨, ૨પ૪, પ૪૨



૪. ખૂટતી સંખ્યા મૂકો.




પ. ખૂટતી સંખ્યા મૂકો.




## વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

૧. આપેલી સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં લખો.

પ૮૭, ૭૮પ, ૬૭પ, ૭૬પ, ૮૯૨, ૨૯૮, પ૭૮

૨. નીચે આપેલી સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં લખો .

૬૯૨, ૨૮૬, ૧૦૯, ૯૦૧, ૨૦પ, પ૨૦, ૭૨૩

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક : C 1.1 | ભારતીય સંખ્યા પદ્ધતિ પ્રમાણે સ્થાનકિંમતના માળખાના ઉપયોગ કરીને સંખ્યાઓને રજૂ કરે છે, પૂર્ણ સંખ્યાઓની તુલના કરે અને ખૂબ મોટી સંખ્યાઓના નામ જાણે અને વાંચી શકે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક : M301.6 | ૯૯૯ સુધીની સંખ્યાઓને વિસ્તૃત સ્વરૂપે લખે છે તથા વિસ્તૃત સ્વરૂપથી સંખ્યા બનાવે છે. |

## વિભાગ – A :- હેતુલક્ષી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(૧) ૭૦૦ + ૮૦ + ૫ =..........

(A) ૮૭૫ (B) ૫૮૭ (C) ૭૫૮ (D) ૭૮૫

(૨) નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ? (HOT)

(A) ૪૧૬ = ૧૦ + ૪૦૦ + ૬ (B) ૬૭3 = ૭૦ + ૬૦ + 3૦

(C) ૫૭૮ = ૮ + ૭૦ + ૫૦૦ (D) ૯૦૨ = ૯૦૦ + ૦૦ + ૨

(3) નવસો ચોપન એટલે............

(A) ૯ + ૫ + ૪ (B) ૯૦ + ૫૪


(C) ૯૦૦ + ૪૦ + ૫ (D) ૯૦૦ + ૫૦ + ૪

(૪) ૨૦૦+૧૦+૫ માટે કયું સાચું છે ?

(A) બસો દસ પાંચ (B) પાંચસો બાર

(C) બસો પંદર (D) પાંચ દસ બસો

(૫) મણકાઘોડીથી બનતી સંખ્યાને વિસ્તૃત સ્વરૂપે કેવી રીતે લખી શકાય ?




(A) ૨૦૦+3૦+૫ (B) ૨૦૦+3૦૦+૫૦૦

(C) ૫૦૦+3૦+૨ (D) 3૦૦+૫૦+૨

(૬) ૫+૪૦+૭૦૦ માટે શું સાચું છે ?

(A) ૫૪૭ (B) ૭૪૫ (C) ૪૭૫ (D) ૪૫૭

(૭) ૬૪૨ માં ૫ ઉમેરતાં રકમનો એકમનો અંક કયો મળે ?

(A) ૭ (B) ૪ (C) ૬ (D) ૨

(૮) કોઈ એક સંખ્યાનો એકમનો અંક ૬ છે. તે સંખ્યાનો દશકનો અંક એકમના અંક કરતા ૩ વધારે છે તથા સો નો અંક દશકના અંક કરતા ૮ ઓછો છે, તો તે સંખ્યા કઈ ? (HOT)

(A) ૮૩૬ (B) ૨૯૬ (C) ૬૩૮ (D) ૧૯૬

(૯) છસો નેવ્યાસી = ૬૦૦+ ....... +૯

(A) ૮૯ (B) ૯૦ (C) ૮૦ (D) ૭૦

(૧૦) સાતસો+એંશી+પાંચ એટલે કેટલા ?

(A) ૭૦૦૮૦૫ (B) ૭૫૮ (C) ૭૮૫ (D) ૫૮૭

## વિભાગ – B :- અતિ ટૂંકજવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નનો 1 ગુણ)

(૧) ૮૯૩ માં અંક ૯ની સ્થાનકિંમત કેટલી ?

(૨) ૭૯૫ માં કયા અંકની સ્થાનકિંમત ૯૦ છે ?

(3) ૫૦૦+૯૦+૬ એટલે ?

(૪) ૫૯૦ માં અંક ૫ ની સ્થાન કિંમત કેટલી ?

## વિભાગ – C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેક પ્રશ્નના 2 ગુણ)

(૧) ૭૬૩ ને વિસ્તૃત સ્વરૂપે લખો.

(૨) સંખ્યા ૬૫૬ માં રહેલ બંને અંક ૬ ની સ્થાનકિંમતનો તફાવત કેટલો થાય ? (HOT)

(3) 300 + ☐ + ૪ = ૩૫૪ છે, તો ☐ માં કઈ સંખ્યા આવે ?

(૪) સંખ્યા ૭૭૯ માં રહેલ બંને અંક ૭ ની સ્થાનકિંમતનો સરવાળો કેટલો થાય ? (HOT)

## વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેક પ્રશ્નના 3 ગુણ)

(૧) ૪૫૬ અને ૭૮૫ ને વિસ્તૃત સ્વરૂપે લખો. તથા બંને સંખ્યામાં રહેલ અંક ૫ ની સ્થાનકિંમતનો સરવાળો શોધો.

(૨) ૮૭૯ – ૫ △ 3 = ૩૩૬ છે, તો △ માં કયો અંક આવશે ?

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C.1.3 | અંકગણિતની પ્રક્રિયાને સમજે,કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો, ઓછામાં ઓછું ૧૦ × ૧૦ (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત ક્રિયાઓનું ઉપયોજન કરે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M301.7 | ૯૯૯ થી વધે નહીં તેવા વદી વગરના તથા વદી વાળા સરવાળા કરે છે. |

## વિભાગ- A :- હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

(૧) જાગૃતિએ ૩૭ રૂપિયાના સફરજન અને ૧૧ રૂપિયાના કેળા ખરીદ્યા તો જાગૃતિ એ ફળવાળાને કેટલા રૂપિયા આપવા પડશે ?

(A) ૩૭ (B) ૧૧ (C) ૪૮ (D) ૨૬

(૨) મયુર પાસે ૫૦ રૂપિયા છે તેને ૮૦ રૂપિયાનો કંપાસ ખરીદ્યો. મયુરને દુકાનદારને ચૂકવવા હજુ વધારે કેટલા રૂપિયાની જરૂર પડશે ?

(A) ૮૦ (B) ૩૦ (C) ૫૦ (D) ૧૩૦

(3)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | | ૪૦ | ૫૦ | | ૭૦ |

ખૂટતી સંખ્યાઓનો સરવાળો કેટલો થાય ?

(A) ૯૦ (B) ૬૦ (C) ૩૦ (D) ૩૦, ૬૦

(૪) ☐ + ૨૭ = ૭૫

(A) ૨૭ (B) ૪૮ (C) ૭૨ (D) ૮૪

(૫) ૯૦ = ૩૦ + ☐

(A) ૩૦ (B) ૯૦ (C) ૬૦ (D) ૪૦

(૬) ૩૭ + ૨૫ = ૩૦ + ☐ + ૨૦ + ૫

(A) ૩૭ (B) ૨૦ (C) ૬૨ (D) ૭


(૭) ૩૮ થી ૧૫ વધારે એટલે...........

(A) ૪૩ (B) ૫૩ (C) ૩૩ (D) ૨૩

(૮) નીચે આપેલા રમકડાં ખરીદવા મારે કેટલા રૂપિયા ચૂકવવા પડશે?



૨૧૦ રૂપિયા



૯૫ રૂપિયા



૫૫ રૂપિયા

(A) ૧૫૦ (B) ૩૦૫ (C) ૨૬૫ (D) ૩૬૦

(૯) મારી પાસે ૨૨ લખોટી હતી મારા મિત્ર એ મને બીજી ૧૭ લખોટી આપી મારી પાસે કુલ કેટલી લખોટી થઈ તે ગણતરી દર્શાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ૨૨ + ૧૭ = ૩૫ (B) ૨૨ - ૦૫ = ૧૭

(C) ૨૨ + ૧૭ = ૩૯ (D) ૨૨ - ૧૭ = ૦૫

(૧૦) એક ગામના વનબાગમાં ૧૮૫ વૃક્ષો છે વનબાગમાં ૩૧૦વૃક્ષો કરવા આ વર્ષે મારે કેટલા નવા વૃક્ષો વાવવા પડશે ?

(A) ૪૯૫ (B) ૧૩૫ (C) ૧૨૫ (D) ૨૨૫

(૧૧) છોટુની ઊંચાઈ ૧૪૦ સેમી છે, મોનાની ઊંચાઈ છોટુ કરતા ૬ સેમી વધુ છે, તો બંનેની ઊંચાઈનો સરવાળો કેટલો થાય ? (HOT)

(A) ૧૪૬ (B) ૧૩૪ (C) ૨૮૦ (D) ૨૮૬

(૧૨) ૪૭ + □ + ૧૫ = ૭૫ (HOT)

(A) ૧૩ (B) ૨૮ (C) ૬૦ (D) ૬૨

(૧૩) પરી ૩૮૪ અને ૨૯૫નો સરવાળો કરે છે તે દશકના અંકોનો સરવાળો કરી એક વદી સોના સ્થાનમાં મૂકવાનું ભૂલી જાય છે અંતે તેને મેળવેલ જવાબ ૫૭૯ છે તો તે સાચા જવાબ કરતા કેટલો ઓછો હશે ?

(A) ૧ (B) ૧૦ (C) ૧૦૦ (D) ૮૯

## વિભાગ - B :- અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક ગુણ)

**માગ્યા મુજબ જવાબ આપો.**

(૧) ૪૬ + ૨૪ = ....

(૨) ૩૬ = .... + ૧૮

(૩) ...... = ૨૬ + ૭૫

(૪) ૧૬૮ + ...... = ૩૨૪

(૫) ...... + ...... = ૧૫૦

## વિભાગ- C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે ગુણ)

(૧) ૩૯ માં કઈ સંખ્યા ઉમેરતાં ૯૪ મળે ?

(૨) એક દુકાનદાર પાસે નીચે મુજબ સિક્કા અને નોટો છે, તો તેની પાસે કુલ કેટલા રૂપિયા હશે ?


| સિક્કા / નોટો | ₹ ૨ સિક્કા | ₹ ૫ નોટ | ₹ ૧૦ સિક્કા | ₹ ૧૦૦ નોટ |
|---|---|---|---|---|
| સંખ્યા | ૪ | ૨ | ૨ | ૩ |

(૩)

```
    ૪ □ ૩
+ ૨ ૪ □
---------
  □ ૨ ૮
```

(૪) એક શાળામાં ૧૦૦ છોકરાઓ છે અને છોકરીઓની સંખ્યા છોકરાઓ કરતા ૧૫ વધારે છે તો શાળામાં કુલ કેટલી સંખ્યા હશે?

(૫) આપેલ આકૃતિનો અભ્યાસ કરી ખૂટતી સંખ્યા લખો.



| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C.1.3 | અંકગણિતની પ્રક્રિયાને સમજે,કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો, ઓછામાં ઓછું ૧૦ × ૧૦ (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત ક્રિયાઓનું ઉપયોજન કરે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M301.8 | દશકા વગરની તથા દશકાવાળી બાદબાકી કરે છે. |

## વિભાગ A હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક ગુણ )

(૧) ૫૪ થી ૧૪ ઓછા એટલે ...........

(A) ૫૪ (B) ૧૪ (C) ૪૦ (D) ૬૮


(૨) સચીન ૪૦ રન બનાવી રમી રહ્યો છે, તો તેને સદી પૂરી કરવા કેટલા વધુ રનની જરૂર પડશે ?

(A) ૧૦૦ (B) ૫૦ (C) ૬૦ (D) ૧૦

(3) ૨૩૫ માંથી ૧ શતક અને ૫૦ બાદ કરતાં કેટલા મળે?

(A) 33૫ (B) ૧૩૫ (C) ૧૮૫ (D) ૮૫

(૪)




રમેશને શાળાએ પહોંચવા હવે તેને કેટલું અંતર કાપવું પડશે ?

(A) ૪૨૭ મીટર (B) ૮૯ મીટર (C) ૧૬૯ મીટર (D) ૨૫૮ મીટર

(૫) ઊંઝાથી સાપુતારાનું બસ ભાડું ૨૧૫ રૂપિયા છે, વિરલ ટિકિટ ખરીદવા ૧૦૦ રૂપિયાની એક અને ૨૦૦ રૂપિયાની એક નોટ આપે છે તો તેણે ............. રૂપિયા પરત મળશે. (HOT)

(A) ૮૫ (B) ૫૧૫ (C) ૧૮૫ (D) ૯૫

(૬) ૫૦૦ માંથી કેટલા બાદ કરતા ૧૫૦ બાકી રહે ?

(A) ૬૫૦ (B) 3૫૦ (C) 3૪૦ (D) ૪૫૦

(૭) મારી પાસે ૭૭૫ રૂપિયા છે તેમાંથી મેં ૨૯૮ રૂપિયાનું રમકડું ખરીદ્યું તો હવે મારી પાસે કેટલા રૂપિયા વધશે ?

(A) ૪૭૭ (B) ૫૮૭ (C) ૫૭૭ (D) ૫૨૩

(૮)

| શ્યામ જનરલ સ્ટોર | |
|---|---|
| ભાવ પત્રક | |
| વસ્તુ | ભાવ (રૂપિયામાં) |
| નોટબુક | ૪૦ |
| કંપાસ | ૮૫ |
| કલર બોક્ષ | ૪૮ |
| સ્લેટ | ૩૫ |

મુકેશે કંપાસ અને સ્લેટ ખરીદી છે મુકેશ પાસે ૫૦૦ રૂપિયાની નોટ છે તો દુકાનદાર મુકેશને કેટલા રૂપિયા પાછા આપશે ? (HOT)

(A) ૧૨૦ (B) ૪૬૫ (C) ૪૧૫ (D) ૩૮૦

૯) એક વિદ્યાર્થી ૮૨ માંથી ૫૬ બાદ કરતાં દશકો લઈ દશકના સ્થાનમાં ૮ ની જગ્યાએ ૭ લખવાનું ભૂલી જય છે અને બાદબાકી કરે છે તો તેનો જવાબ સાચા જવાબથી કેટલો વધારે મળશે ?

(A) ૧ (B) ૧૦ (C) ૧૦૦ (D) ૨૦

## વિભાગ - B :- અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક ગુણ )

માગ્યા મુજબ જવાબ આપો.

(૧) ૨૮૭ - ૧૮૯ = ........

(૨) ...... = ૮૭ – ૩૦

(૩) ૭૮૧ - ...... = ૨૬૪

(૪) ...... - ૧૨૫ = ૪૩૮

(૫) ...... - ...... = ૨૦૦

## વિભાગ- C ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે ગુણ)

(૧) ૯૨માં કઈ સંખ્યા બાદ કરતાં ૨૮ મળે ?

(૨) કઈ સંખ્યામાંથી ૧૨૦ બાદ કરતાં ૩૪૫ મળે ?

(૩) ૮૪૫માં ૮ અને ૪ ની સ્થાનકિંમત વચ્ચેનો તફાવત કેટલો થાય ?

(૪) જો △ = ૧૦૦ ; □ = ૧૦ , ☆ = ૧ લઈને

નીચે આપેલ સંકેત પ્રમાણે કિંમત મૂકી વિસ્તાર પરથી સંખ્યા બનાવી ગણતરી કરો.

△ □ △ ☆ △ □ ☆ — □ ☆ □ △ ☆

(૫)

```
    ૬  □  ૩
 -  ૨  ૩  □
 ----------
    ૪  ૧  ૫
```

(૬) ૫ , ૨ , ૮ અંકોની મદદથી બનતી ત્રણ અંકની સૌથી મોટી સંખ્યા અને સૌથી નાની સંખ્યાનો તફાવત શોધો

(૭) સફરજનનો ૧ કિલોગ્રામનો ભાવ રૂપિયા ૧૨૦ અને ૧ કિલોગ્રામ જમરૂખનો ભાવ સફરજન કરતા રૂપિયા ૩૦ ઓછો છે તો જમરૂખ નો ભાવ કેટલો થાય ?

(૮) ૭૭ માંથી કેટલા બાદ કરતાં ૧૪ મળે ?

(૯)

```
    ◯  ૫  ◯
 -  ૧  ૪  ૭
 ----------
    ૨  ◯  ૧
```

| | |
|---|---|
| ક્ષમતા ક્રમાંક C.1.3 | અંકગણિતની પ્રક્રિયાને સમજે,કલ્પના કરે અને તેમની વચ્ચેના સંબંધો, ઓછામાં ઓછું ૧૦ × ૧૦ (ઘડિયા)ના સરવાળા અને ગુણાકાર જાણે અને રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પૂર્ણ સંખ્યાઓની ચાર મૂળભૂત ક્રિયાઓનું ઉપયોજન કરે. |
| અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક M301.9 | જવાબ ૯૯૯થી વધતો ન હોત તેવી ત્રણ અંકની સંખ્યાઓના રોજિંદા જીવનને સ્પર્શતા સરવાળા બાદબાકીના કોયડા ઉકેલે છે. |

## વિભાગ - A :- હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો (દરેકનો એક ગુણ)

**(૧) ૩૫૪ માંથી ૧૮૭ બાદ કરતાં ૧૬૭ બાકી રહે તો ૧૮૭ માં ૧૬૭ ઉમેરતા કેટલા મળે ?**

(A) ૩૫૪ (B) ૧૮૭ (C) ૧૬૭ (D) ૩૦૦

**(૨) અહીં કોષ્ટકમાં આપેલ સંખ્યાઓનો કુલ સરવાળો ૯૦ થાય છે તો (?) ને સ્થાને કઈ સંખ્યા આવે ?**

| | |
|---|---|
| ૩૨ | ૧૬ |
| ? | ૧૮ |

(A) ૩૬ (B) ૬૬ (C) ૧૫૬ (D) ૨૪

**(૩) એક ફળવાળાની દુકાનમાં ત્રણ દિવસમાં વેચાયેલ ફળોની માહિતી આપી છે. તેના આધારે ત્રણ દિવસમાં કયા ફળનું વેચાણ વધારે થયું છે ? કેટલું ?**

| ફળ | સોમવાર | મંગળવાર | બુધવાર |
|---|---|---|---|
| સફરજન | ૩૧૦ | ૨૯૫ | ૨૭૦ |
| કેળા | ૨૭૦ | ૨૬૦ | ૨૮૫ |

(A) સફરજન - ૭૫ કિલો (B) કેળાં - ૭૫ કિલો

(C) સફરજન - ૬૦ કિલો (D) કેળાં - ૬૦ કિલો

**(૪) જુદો પડતો વિકલ્પ પસંદ કરો.**

(A) ૫૦ + ૮ (B) ૩૦ + ૨૮ (C) ૨૦ + ૪૮ (D) ૫૮ + ૦

**(૫) એક સોસાયટીમાં ૭૧૫ સભ્યો રહે છે. તેમાં પુરુષો અને સ્ત્રીઓની કુલ સંખ્યા ૫૨૩ હોય તો બાળકોની સંખ્યા કેટલી હશે?**

(A) ૨૮૨ (B) ૧૮૨ (C) ૨૯૨ (D) ૧૯૨

**(૬) ત્રણ રમકડાં હાથી, ઘોડો અને ઊંટની કુલ કિંમત ૫૧૦ રૂપિયા છે. જેમાં હાથીની કિંમત ૧૭૫ રૂપિયા અને ઊંટની કિંમત ૧૬૦ રૂપિયા હોય તો ઘોડાની કિંમત શોધો?**

(A) ૫૨૫ (B) ૮૪૫ (C) ૩૩૫ (D) ૧૭૫

**(૭) એક ઝાડ પર ૨૮૯ પક્ષીઓ બેઠા છે, તેમાંથી ૩૭ કાગડા અને ૮૦ પોપટ ઊડી ગયા તો હવે ઝાડ પર કેટલા પક્ષીઓ હશે?**

(A) ૧૭૨ (B) ૧૧૭ (C) ૪૦૬ (D) ૩૩૨

(૮) રાકેશ પ્રવાસમાં ૭૧૫ રૂપિયા લઈને જાય છે. ચાર દિવસના પ્રવાસ બાદ ઘરે આવે ત્યારે તેની પાસે ૨૬૮ રૂપિયા હોય છે, તો રાકેશે પ્રવાસમાં કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો હશે?


(A) ૯૮૩ (B) ૫૪૭ (C) ૪૪૭ (D) ૪૫૭

વિભાગ- C :- ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે ગુણ)

(૧) એક શાળામાં શિક્ષક દિન નિમિત્તે છોકરાઓ અને છોકરીઓએ મળીને કુલ ૫૧૦ રૂપિયાનો ફાળો ભેગો કર્યો. તેમાં છોકરાઓએ ૩૨૦ રૂપિયાનો ફાળો ભેગો કર્યો તો છોકરીઓએ કેટલો ફાળો ભેગો કર્યો હશે ?

(૨) એક મોબાઈલ બનાવતી કંપનીમાં પ્રથમ દિવસે ૨૬૭ મોબાઈલ અને બીજા દિવસે ૧૨૯ મોબાઈલ બન્યા હોય, તો બંને દિવસમાં કુલ કેટલા મોબાઈલ બન્યા ?

(૩) નીચેના ખાનામાં ☆ ની સંખ્યા શતકનો અંક, □ ની સંખ્યા દશકનો અંક અને △ ની સંખ્યા એકમનો અંક દર્શાવે છે તેના આધારે નીચેની ગણતરી કરો. (HOT)



(૪) ૭૪૨ એ ૨૯૮ કરતાં કેટલા વધુ છે.

(૫) રાકેશે તેના ઘરનું વીજળીનું મીટર વાંચ્યું. ગયા મહિને ૧૫૪ યુનિટ હતા. આ મહિને ૩૪૧ યુનિટ થયા છે. તો એક મહિનામાં વીજળીના કેટલા યુનિટ વપરાયા?

(૬) ૫૦૦ મીટર દોડમાં રમેશને જીતવા માટે ૧૦ મીટર દોડ લગાડવાની છે. અને મહેશને જીતવા૩૫ મીટર દોડ લગાડવાની છે. તો રમેશે દોડમાં કાપેલું અંતર શોધો.

(૭) અક્ષરાની ઊંચાઈ ૧૨૦ સેમી છે. અનુષ્કાની ઊંચાઈ અક્ષરા કરતાં ૬ સેમી વધુ છે. જ્યારે મિહિકા ની ઊંચાઈ અનુષ્કા કરતાં ૮ સેમી ઓછી છે. તો સૌથી વધુ ઊંચાઈ કોની હશે? કેટલી?

## વિભાગ – D :- નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

(૧) મહેશે એક દુકાનમાંથી ૨૦૮ રૂપિયાની ખાંડ અને ૨૪૮ રૂપિયાની ચા ખરીદી. તેણે દુકાનદારને ૫૦૦ રૂપિયા આપ્યા તો દુકાનદાર મહેશને કેટલા રૂપિયા પાછા આપશે?

(૨) એક ટ્રેન મહેસાણાથી વડોદરા જઈ રહી છે મહેસાણા સ્ટેશનથી ૩૧૦ મુસાફરો મુસાફરી કરી રહ્યા છે અમદાવાદ સ્ટેશને ૮૫ મુસાફરો ટ્રેનમાંથી ઉતરી ગયા અને બીજા ૧૨૮ મુસાફરો બેઠા. અમદાવાદથી વડોદરા સુધી કેટલા મુસાફરોએ મુસાફરી કરી ?

(૩) મયંકે ૧૩૦ રૂપિયાનું પુસ્તક ખરીદી દુકાનદારને ૨૦૦ રૂપિયા આપ્યા દુકાનદારે તેને ૫૦ રૂપિયા પાછા આપે છે, તો મયંકને દુકાનદાર પાસેથી કેટલા રૂપિયા લેવાના બાકી રહેશે ?